


# આહ્‌વાન

A Monthly Bulletin of Shahpur Methodist Church



Address : Bahai Center, Shahpur, Ahmedabad 380 001.

Email : revrajuparmar@gmail.com | Pastor : Rev. Raju N. Parmar

Visit us at : www.shahpurmethodistchurch.com | (M) 8238260259



વર્ષ - ૫૬ | મે - ૨૦૨૬ | પત્ર - ૧૫૩


## માતૃદિન




**ખ્રિસ્તમાં વ્હાલા ભાઈઓ અને બહેનો,**

પુનરુત્થાન પામેલા પ્રભુ ઈસુ ખ્રિસ્તનાં વિજયવંત અને મહિમાવાન નામમાં પ્રેમી સલામ,

**નીતિવચન ૨૩ઃ૨૫ 'તારા બાપને તથા તારી માને ખુશ રાખ અને તારી જનેતાને હરખ પમાડ.'**

મે માસનો બીજો રવિવાર મધર્સ ડે તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસ માતા અને બાળકો માટે વિશેષ હોય છે, માતાના પ્રેમને યાદ કરી સંતાનો આ દિવસે ફુલ અને અવનવા ગ્રીટીંગ્સ કાર્ડ અને ભેટ સોગાદો આપી, આદર, માન, સન્માનપૂર્વક આ દિવસની ઉજવણી કરે છે. 'દુનિયાની બધી જ ભાષાઓમાં મા નો અર્થ મા જ થાય છે.' રવિન્દ્રનાથ ટાગોર 'હું આજે જે કાંઈ પણ છું અથવા બનવાની આશા રાખું છું તેનો તમામ શ્રેય મારી માતાને જાય છે.' અબ્રામ લિંકન.

સમગ્ર વિશ્વમાં માતાઓનું સ્થાન શ્રેષ્ઠ ગણવામાં આવ્યું છે. માતા પોતાની કૂંખમાં નવ માસ સુધી પોતાના બાળકને સાચવે છે, બાળકના જન્મ સમયે થતી વેદના સહન કરે છે, બાળકના ઉછેર માટે જહેમત ઉટાવે છે. જગતમાં માતાઓ પોતાના બાળકો અને પરિવારના હિતમાં ઘણો પરિશ્રમ ઉઠાવે છે, જેની સરખામણી કોઈની સાથે કરી શકાય નહિ. મા શબ્દ સાંભળતા જ મન પ્રફુલ્લિત થઈ જાય. મા તે મા બીજા બધા વગડાના વા, ગોળ વિના મોળો કંસાર અને મા વિના સુનો સંસાર.

માતૃત્વએ સૌને મળેલી ઈશ્વરની અમૂલ્ય ભેટ છે. માતાનું સ્થાન અનેરું છે, માતાની તોલે કોઈ આવી શકે નહિ, પ્રભુ ઈસુ ખ્રિસ્ત પોતાની માતાનું સન્માન કરતાં હતા અને તેમને આધીન રહેતા હતા. પ્રભુ ઈસુ વધસ્તંભ ઉપર અસહ્ય પીડા, યાતના અને કષ્ટમાં હતા. પણ એવા સમયમાં પણ પોતાની માતાને વિસરી ગયા નહોતા. યોહાન ૧૯ઃ૨૫-૨૭, હવે ઈસુના વધસ્તંભની પાસે તેની મા, તેની માસી, કલોપાની સ્ત્રી મરિયમ તથા મગ્દલાની મરિયમ ઊભા રહેલાં હતા. તેથી જ્યારે ઈસુએ પોતાની માને તથા જે શિષ્ય ઉપર પોતે પ્રેમ રાખતો હતો તે શિષ્યને પાસે ઊભાં રહેલાં જોયા. ત્યારે તે પોતાની માને કહે છે કે, 'બાઈ, જો તારો દીકરો' ત્યાર પછી તે, તે શિષ્યને કહે છે કે, 'જો તારી મા તે જ ઘડીએ તે શિષ્ય તેને પોતાને ઘેર તેડી ગયો.' ઈસુ પોતે વધસ્તંભ ઉપર પીડા અને તકલીફમાં હતા. પણ તે સમયમાં માતાની કાળજી લેવાની તેમની સંભાળ લેવાની જવાબદારી તેમના વહાલા શિષ્ય યોહાનને સોંપે છે. મરિયમ પોતાના પુત્રની આ સ્થિતિ જોઈને આકુળ વ્યાકુળ થઈ ગયા હતા. તેમ છતાં પ્રભુ ઈસુ વધસ્તંભ ઉપરથી પણ પોતાની માતાની સંભાળ-કાળજી લે છે. ઈસુના આ શબ્દો સાંભળીને મરિયમને ચોક્કસ હૂંફ મળી હશે. ઈસુને વધસ્તંભ ઉપર જડવામાં આવ્યા છે. તેઓ શારીરિક વેદના સહન કરી રહ્યા છે તો પણ તે પોતાની માનો વિચાર કરે છે. માની આંખ સામે જ દીકરો ભારે યાતના વેઠે છે. એના ઘામાંથી લોહીની ધારા વહે છે, પણ તે પાટા બાંધી શકતી નથી. તૃષાથી તેના હોઠ સુકાય છે પણ તે પાણી આપી શકતી નથી. ખીલાઓથી માત્ર ઈસુના હાથ પગ જ નહિ; મરિયમનું કોમળ હ્રદય પણ વિંધાય છે. ત્યાં જ માતૃત્વને મહિમા આપનારી હ્રદયસ્પર્શી બાબત જોવા મળે છે. દીકરો તો મૃત્યુના મુખમાં પણ માને ભૂલ્યો નથી ને માની ભલામણ પોતાના વહાલા શિષ્યને કરે છે.

યશાયા ૬૬ઃ૧૩ 'જેમ કોઈ માણસને તેની મા દિલાસો આપે છે તે પ્રમાણે હું તમને દિલાસો આપીશ અને યરૂશાલેમમાં તમે દિલાસો પામશો.' મરિયમ ઈસુની પડખે છે, તેમની હાજરી ઈસુને માટે કેટલી બધી હુંફાળી બની રહી હશે.

નિર્ગમન ૨૦ઃ૧૨ 'તારા બાપનું તથા તારી માનું તું સન્માન રાખ કે, તારો દેવ યહોવા જે દેશ તને આપે છે તેમાં તારું આયુષ્ય દીર્ઘ થાય.'

આ માતૃદિન આપણા દરેકને માટે ખાસ બની રહો. આવો આપણે આપણી માતાઓને આદર, માન અને સન્માન આપતા આ દિનની ઉજવણી કરીએ. આમેન....

**માતૃદિન નિમીત્તે દરેક માતૃશ્રીઓને ખુબ ખુબ શુભેચ્છાઓ....**


આ બુલેટીન છાપવાનો તમામ ખર્ચ એક આશીર્વાદિત કુટુંબ તરફથી મળેલ છે. - આભાર

## ગત માસનાં કાર્ય તરફ દ્રષ્ટિપાત : એપ્રિલ -૨૦૨૬

- તા. ૩-૪-૨૦૨૬, ગુડ ફ્રાઈડેની ભજનસેવામાં મળ્યા, પ્રભુભોજન પળાવવામાં આવ્યું, ભજનસેવા બાદ વધસ્તંભ પરની સાતવાણી પર મંડળીના ભાઈઓ અને બહેનો દ્વારા મનન કરાવવામાં આવ્યું હતું.
- તા. ૫-૪-૨૦૨૬, ઈસ્ટરની ભજનસેવામાં મળ્યા. તા. ૨૨-૨-૨૦૨૬ સન્ડે સ્કૂલ દ્વારા બાળકોની ચિત્ર સ્પર્ધા લેવામાં આવી હતી. તેના ઈનામ આપવામાં આવ્યા, સ્પોન્સર થનાર શિક્ષક બહેનોનો આભાર. બાઈબલ ક્વીઝમાં પ્રથમ, બીજો અને ત્રીજો નંબર લાવનારને શિલ્ડ અને ભાગ લેનાર સર્વને આશ્વાસન ઈનામ આપવામાં આવ્યું હતું. ભજન સેવા બાદ શ્રી આલાપભાઈ જે. માસ્ટર દ્વારા સર્વને કેક આપવામાં આવી હતી. આભાર.
- તા. ૧૨-૪-૨૦૨૬, ભજનસેવામાં મેથોડિસ્ટ ચર્ચ, મહેમદાવાદ ચર્ચ અને પાર્સનેજ પ્રોજેક્ટ માટે પાળક રેવ. રમેશ ખ્રિસ્તી સાહેબ અને આગેવાનો ભજનસેવામાં હાજર રહ્યા હતા. સાહેબે વચનની સેવા આપી હતી. મંડળીના ભાઈઓ અને બહેનો દ્વારા તેમના પ્રોજેક્ટ માટે ૧,૨૪,૦૦૦/- ઉદારતાથી દાનો આપવામાં આવ્યા હતા. આભાર.
- તા. ૧૪-૪-૨૦૨૬, સ્થાનિક મંડળીનું ઓડિટ કરવામાં આવ્યું. ડિસ્ટ્રીક્ટ એમ.વાય.એફ. અધિવેશનમાં મળ્યા. અધિવેશન બાદ મંડળી તરફથી ચા-નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી. સાંજે રાયખડ વિસ્તારની સંગતમાં મળ્યા હતા.
- તા. ૧૫-૪-૨૦૨૬, શ્રી પ્રશાંતભાઈ એસ. ક્રિશ્ચિયનના ઘરે મિટીંગમાં મળ્યા હતા.
- તા. ૧૯-૪-૨૦૨૬, ડિસ્ટ્રીક્ટ મહિલા મંડળ અધિવેશનમાં સિયોન મેથોડિસ્ટ ચર્ચ, સાબરમતીમાં મહિલા મંડળના બહેનોએ ભાગ લીધો હતો.
- તા. ૨૬-૪-૨૦૨૬, ભજનસેવા બાદ નોમિનેશન સમિતિમાં મળ્યા હતા. સાંજે પાસ્ટોરેટ કોન્ફરન્સમાં મળ્યા હતા.
- દર શુક્રવારે બાઈબલ અભ્યાસ અને પ્રાર્થના સંગત માટે મળ્યા હતા.

## આવનાર માસનાં કાર્ય તરફ દ્દષ્ટિપાત

- તા. ૧૦-૫-૨૦૨૬, માતૃદિન સન્ડે તરીકે ઉજવવામાં આવશે.
- તા. ૧૫-૧૭ મે, ૨૦૨૬ ગુજરાત રીજીનલ કોન્ફરન્સનું વાર્ષિક અધિવેશન મળશે. પ્રાર્થના કરશો.

## નાણાંકીય અહેવાલ માર્ચ - ૨૦૨૬

| | | |
|---|---|---|
| **તા.૧-૩-૨૬ ની ઉઘડતી સિલક** | | |
| | રોકડ | ૯૫૩૯-૦૦ |
| | બેંક | ૭૧૯૭૬૧-૫૯ |
| **તા.૩૧-૩-૨૬ સુધીની** | આવક | ૩૧૩૨૪૦-૦૦ |
| | કુલ | ૧૦૪૨૫૪૦-૫૯ |
| **તા.૩૧-૩-૨૬ની બંધ સિલક** | | |
| | રોકડ | ૩૮૯૮૯-૦૦ |
| | બેંક | ૯૪૨૩૭૪-૫૯ |
| **તા.૩૧-૩-૨૬ સુધીનો** | ખર્ચ | ૬૧૧૭૭-૦૦ |
| | કુલ | ૧૦૪૨૫૪૦-૫૯ |

**શ્રી શરદભાઈ જે. માસ્ટર, ટ્રેઝરર**

## પાળક મારફતે મળેલ બર્થડે અને આભારસ્તુતિના દાનો

| | | |
|---|---|---|
| સુનંદાબેન વી. મેકવાન | આ.સ્તુ. | ૧૦૦૦ |
| સામીભાઈ એ. ગામડીયા | બર્થડે | ૫૦૦ |
| અતુલભાઈ પી. મહિડા | આ.સ્તુ. | ૫૦૦ |
| શીફરા આર્નોનભાઈ પેલમોર | ચર્ચ મે. | ૩૦૦૦ |
| રોઝમેરીબેન એ. પેલમોર | બર્થડે | ૫૦૦ |
| આર્નોનભાઈ એસ.પેલમોર | એજ્યુ. | ૨૦૦૦ |
| મોનિકાબેન એસ. ડેવિડ | આ.સ્તુ. | ૫૦૦ |
| શાલીન એસ. માસ્ટર | બર્થડે | ૫૦૦ |
| કલ્પનાબેન વી. ક્રિસ્ટી | બર્થડે | ૧૦૦૦ |
| રીટાબેન કીન | આ.સ્તુ. | ૨૦૦૦ |
| રાજેશભાઈ આર. ક્રિશ્ચિયન | બર્થડે | ૫૦૦ |
| લક્ષ્મીબેન એફ. રાઠોડ | બર્થડે | ૨૦૦ |
| સેલીના એફ. ગોહેલ | બર્થડે | ૫૦૦ |
| સેનીટા પી. ક્રિશ્ચિયન | બર્થડે | ૫૦૦ |
| પારૂલબેન ઓ. ગામડીઆ | આ.સ્તુ. | ૫૦૦ |
| ડેઝીલ ડી. હેરી | બર્થડે | ૫૦૦ |
| કલ્પનાબેન વી. ક્રિસ્ટી | આ.સ્તુ. | ૧૦૦૦ |
| જેક એમ. રાઠોડ | આ.સ્તુ. | ૧૦૦ |
| યશ એસ. ક્રિશ્ચિયન | આ.સ્તુ. | ૨૦૦ |
| નિયંતા કેનેથ ક્રિશ્ચિયન | બર્થડે | ૧૦૦૦ |
| રુફીનાબેન રાજ શાહ | એજ્યુ. | ૨૫૦૦ |
| રશ્મીકાંતભાઈ પી. મહિડા | બર્થડે | ૧૦૦૦ |
| સલોની એન. મહિડા | બર્થડે | ૫૦૦ |
| કોમલબેન પી. ખ્રિસ્તી | બર્થડે | ૨૦૦ |

## BIRTHDATE IN MAY




| | |
|---|---|
| ૧/૫ | મીના બી. બોરકર |
| ૧/૫ | દિપાલીબેન પી. પરીખ |
| ૫/૫ | નિલેશ બી. પરીખ |
| ૬/૫ | નિપા સી. ચૌહાણ |
| ૭/૫ | વેલેન્ટીના એફ. ગોહિલ |
| ૧૦/૫ | એની એ. ક્રિશ્ચિયન |
| ૧૦/૫ | ઉર્મિલાબેન આર. સોલંકી |
| ૧૫/૫ | જેશન જીમી ડેવિડ |
| ૧૬/૫ | અરૂણાબેન એસ. ગામડીઆ |
| ૧૬/૫ | શૉન એસ. ક્રિશ્ચિયન |
| ૧૮/૫ | શરદભાઈ જે. માસ્ટર |
| ૧૯/૫ | ડોનાલ્ડ જી. મેકવાન U.S.A. |
| ૨૦/૫ | આન્યા ઓનિલ પેટ્રિક |
| ૨૨/૫ | ક્રિસ્ટીના એફ. ગોહિલ |
| ૨૫/૫ | શ્વેતલ ઓલ્ડ્રીચ ગામડીઆ |
| ૨૬/૫ | નલીન આર. ક્રિશ્ચિયન |
| ૨૭/૫ | રેવ. રાજુ એન. પરમાર |
| ૩૧/૫ | રીયોન આઈ. ખ્રિસ્તી |

HAPPY BIRTHDAY